જા.નં. મા-૨/૨૦૧૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૧૯/૭/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા શાળાઓ તરફ

વિષયઃ- "ટીમ ટીમ તારા" પ્રોજેકટના અમલીકરણ બાબત

સંદર્ભઃ- ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,સેકટર-૧૦ બી,જૂના સચિવાલય,ગાંધીનગર
ના પત્ર ક્રમાંક નં.મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૪૪૪-૭૯ તા.૧૮/૦૭/૨૦૧૯

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજતાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવો જીવન કૌશલ્યો અંગેનો"ટીમ ટીમ તારા" પ્રોજેકટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી અમલમાં મૂકવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત બાયસેગના માધ્યમથી "વંદે ગુજરાત" ચેનલ નં.-૯ અને ૧૧ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનું પ્રસારણ અઠવાડિયામાં એક વાર એક કલાક માટે કરવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ અઠવાડિયામાં એક વાર એક કલાક માટે કરવામાં આવશે.તેમજ તેનું પુનઃ પ્રસારણ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત અને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે મરજિયાત રહેશે. ધોરણ-૯ અને ધોરણ-૧૦ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર બુધવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને તેનું પુનઃ પ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. ધોરણ-૧૧ અને ૧૨ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર ગુરુવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને પુનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. આ કાર્યક્રમ શાળાના વિદ્યાર્થીઓએ ફરજીયાત નિહાળવાનો રહેશે. શાળામાં આ કાર્યક્રમના અમલ અંગેનો અહેવાલ ફોટોગ્રાફ સહીત અત્રેની કચેરીના વેબસાઇટ પર અને રૂબરૂ મા-૨ શાખામાં મોકલાવવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

Scanned by CamScanner